# "અનુસૂચિ-એ" જાહેરાત

## " અનુસુચિ – એ "

## જેતપુર નવાગઢ નગરપાલિકા
## દિવ્યાંગ વ્યકિતઓ માટે ખાસ ભરતી ઝુંબેશ –
## (special recruitment drive)

(૧) જેતપુર નવાગઢ નગરપાલિકા, જિલ્લો : રાજકોટના સેનીટેશન વિભાગની નીચે મુજબના સંવર્ગની ખાલી પડેલ જગ્યાઓ ઉપર દિવ્યાંગ કેટેગરીના વ્યકિતઓની સરકારશ્રીનાં નાણાં વિભાગનાં તા. ૧૬/૦૨/૨૦૦૬ નાં ઠરાવની જોગવાઈઓ અનુસાર પાંચ વર્ષના સમયગાળા માટે ફીકસ પગારનાં અજમાયશી તરીકે સીધી ભરતીથી "સહાયક" સફાઈ કામદાર તરીકે કરાર આધારિત તથા ભરતી અંગેના જેતપુર નવાગઢ નગરપાલિકાના મંજુર થયેલ નિયમો તથા શરતોને આધિન નિમણુંક કરવાની છે. પાંચ વર્ષની સેવાઓ / ફરજો સંતોષકારક જણાયેથી સફાઈ કામદાર સંવર્ગનાં નિયમિત પગાર ધોરણમાં લઘુતમ પગારમાં નિયમિત નિમણુંક અપાશે.

| જગ્યાનું નામ | કુલ જગ્યાઓ | જગ્યાનું હાલનું પગાર ધોરણ | લઘુતમ શૈક્ષણિક લાયકાત | માસીક ફીકસ પગાર રૂપિયા | કુલ જગ્યાઓ પૈકી દિવ્યાંગતાના જુથ પ્રમાણે અનામત જગ્યાઓ | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | અંધત્વ અથવા ઓછી દ્રષ્ટી | બધિર અને ઓછું સાંભળનાર | મગજના લકવા સહિતની હલનચલનની દિવ્યાંગતા, રકતપિત્તમાંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુઓ | સ્વલીનતા (Autism), બૌધ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શિખવાની અક્ષમતા અને માનસિક બીમારી | બહેરાશ– અંધત્વ સહિતની ખંડ (અ) થી (ઠ) હેઠળની એક કરતા વધારે પ્રકારની દિવ્યાંગતા ધરાવતી વ્યકિત |
| | | | | | - | D, HH | - | - | - |
| | | | | | A | B | C | D & E | |
| સફાઈ કામદાર, વર્ગ–૪ | ૦૫ | ૧૪૮૦૦–૪૭૧૦૦ (LEVAL-IS-1) | ધોરણ–૪ પાસ | ૨૧૧૦૦/– | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૨ | |

(૨) ઉપરોકત જગ્યા માટે અરજી કરવાની રીત, અરજીનો નમુનો, વય મર્યાદા તથા સામાન્ય શરતો સહિતની જરૂરી તમામ વિગતો નગરપાલિકાની વેબસાઈટ - www.jetpurnagarpalika.org ઉપર જોવા મળી શકશે. ઉમેદવારે આ વિગતોનો અભ્યાસ કરી ચોકસાઈ પૂર્વક અરજી કરવાની રહેશે.

દિવ્યાંગ ઉમેદવારોએ ઉપલી વય મર્યાદામાં છુટછાટ માટે તેમની અરજી સાથે સામાન્ય વહીવટ વિભાગ ગાંધીનગરના તા.૦૧/૧૨/૨૦૦૮ ના પરિપત્ર અનુસાર નિયત પરિશિષ્ટ–અ મુજબનું વિકલાંગતા અંગેનું પ્રમાણપત્ર (Disability certificate) રજુ કરવાનું રહેશે.

(૩) ઉપરોકત જગ્યાની લઘુતમ લાયકાત ધરાવતા હોય તેવા રસ ધરાવતા ઉમેદવારે તેની અરજી નિયત નમુનામાં સાદા કાગળમાં સુવાચ્ય અક્ષરે અગર ટાઈપ કરાવી લાયકાત, અનુભવ, જાતિ (અનામત વર્ગના હોય તો સક્ષમ અધિકારીશ્રી દવારા અપાયેલ અનામત વર્ગનું પ્રમાણપત્ર / દાખલો તથા વય અંગેના જરૂરી અને માન્ય આધારોની ખરી નકલ સાથે ચીફ ઓફિસરશ્રી, જેતપુર – નવાગઢ નગરપાલિકા, સ્વામી વિવેકાનંદ ભવન, ધોરાજી રોડ, જેતપુર (જી.રાજકોટ) ને ઉદેશીને રજી.પો. એ.ડી. અગર તો સ્પીડ પોસ્ટ દવારા આ જાહેરાત પ્રસિધ્ધ થયેથી ૧૫ દિવસમાં મળી જાય તે રીતે મોકલી આપવાની રહેશે. ખાનગી કુરીયર કે આંગડીયા સર્વીસ દવારા મોકલાયેલ કે સાદી પોસ્ટ થી કે અન્ય રીતે મોકલવામાં આવેલ અરજીઓઓ ધ્યાને લેવામાં આવશે નહી. અરજીના કવર પર " દિવ્યાંગ સફાઈ કામદારની જગ્યા માટેની અરજી" એમ સ્પષ્ટ દર્શાવવાનું રહેશે. અરજીમાં ઉમેદવારનું નામ, સરનામું, અરજીની તારીખ, જગ્યાનું નામ, દિવ્યાંગ અનામતની જે કેટેગરી ઉપર ઉમેદવારી કરતા હોય તે કેટેગરી દર્શાવવાની રહેશે. શૈક્ષણિક લાયકાત, ઉમર તથા જાતિ (અનામત વર્ગના હોય તો જે તે અનામત વર્ગની વિગતો) ક્રીમીલીયર અંગેની વિગતો (લાગુ પડતા કિસ્સામાં) સહિત જરૂરી તમામ વિગતો સુવાચ્ય અક્ષરે અવશ્ય દર્શાવવાની રહેશે. તથા તાજેતરમાં પડાવેલ પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ અરજી સાથે જોડવાનો રહેશે. અને આ સંપુર્ણ વિગતો દર્શાવી અરજદારે પોતાની સહી સાથેની અરજી કરવાની રહેશે. અધુરી, અસ્પષ્ટ, જરૂરી આધારો સિવાયની, કે મુદત બાદ મળેલ અરજીઓ ધ્યાને લેવાશે નહી. ઉમેદવાર ભારતના નાગરિક હોવા જોઈશે.

(૪) આવેલ અરજીઓ પરત્વે જરૂર જણાયે મેરીટના ક્રમાનુસાર મર્યાદિત સંખ્યામાં ઉમેદવારોને પસંદગીની પ્રક્રિયા માટે બોલાવવામાં આવશે. (નિયમોની જોગવાઈ અનુસાર) રૂબરૂ મુલાકાત માટે બોલાવવા કે નહી બોલાવવા તથા ઉપરોકત દર્શાવેલ જગ્યાઓની સંખ્યામાં ફેરફાર સહિત તમામ બાબતો અંગે તથા ઉમેદવારોની પસંદગી સબંધે નિર્ણય કરવાનો અધિકાર નગરપાલિકાને / સક્ષમ સતાધિકારીને અબાધિત રહેશે. રૂબરૂ મુલાકાત માટે બોલાવવામાં આવે ત્યારે અરજદારે લાયકાત વિગેરે (ક્રમ નં. ૩ માં જણાવેલ) અસલ આધારો સાથે સ્વ ખર્ચે હાજર થવાનું રહેશે.

જે.મ્યુ.જા.નં.
તા. / /૨૦૨૬

| (પાર્થિવ બી. પરમાર) | (માધુરીબેન એસ. ભેડા) | (મેનાબેન આર. ઉસદડીયા) |
|---|---|---|
| ચીફ ઓફિસર | ચેરમેન | પ્રમુખ |
| જેતપુર નવાગઢ નગરપાલિકા | પસંદગી સમિતિ | જેતપુર નવાગઢ નગરપાલિકા |

<u>"અનુસૂચિ-બી"</u>

**(૧) અરજી કરવાની રીત :-**

(એ) દિવ્યાંગ સફાઇ કામદારોની જગ્યા માટે અરજી આ સાથેના "અનુસૂચિ-સી" મુજબના નિયતનમુના ના અરજી ફોર્મમાં માત્ર રજી. એ.ડી. પોસ્ટ અથવા સ્પીડ પોસ્ટથી નગરપાલિકાએ નક્કી કરેલ સમય-મર્યાદામાં નગરપાલિકાને મળી જાય તે રીતે ઉમેદવારે અરજી મોકલવાની રહેશે. ઉમેદવારે અરજી ના લાગુ પડતા તમામ કોલમ ભરવાના રહેશે.

(બી) ઉમેદવારોએ અરજી સાથે શૈક્ષણિક લાયકાત, વય, દિવ્યાંગતાની કેટેગરી વિગેરે લાગુ પડતી તમામ વિગતો નિયત અરજીમાં યોગ્ય કોલમમાં ચોક્કસાઇ પૂર્વક દર્શાવવાની રહેશે. અને અરજી સાથે ઉક્ત તમામ આધારોની નકલો જોડવાની રહેશે તેમજ ઉમેદવારે અરજી સાથે તાજેતરમાં પડાવેલ પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ અચુક જોડવાનો રહેશે.

(સી) એક ઉમેદવાર એક જ અરજી કરી શકશે તેમ છતા એકથી વધુ અરજીના કિસ્સામાં યોગ્ય રીતે ભરેલી અરજીઓ પૈકી છેલ્લી કન્ફર્મ થયેલી એક જ અરજી માન્ય રહેશે તે સિવાય ની બધી અરજીઓ રદ થશે.

(ડી) રૂબરૂ, સાદી ટપાલ, આંગડીયા સર્વિસ કે કુરીયર મારફત મોકલવામાં આવેલ અરજીઓ તથા નિયત નમુનામાં ન હોય તેવી અધુરી, અસ્પષ્ટ, સહી વગરની અને મુદત બહારની તથા નગરપાલિકાની જાહેરાતથી વિપરીત રીતે કરેલ અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહી અને આવી અરજીઓ દફ્તરે કરવામાં આવશે.

**(૨) વય મર્યાદા :-**

(એ) દિવ્યાંગ સફાઇ કામદારોની જગ્યા માટેના ઉમેદવારોની અરજી કરવા ની છેલ્લી તારીખે વય મર્યાદા ૧૮ વર્ષ કરતા ઓછી નહી અને ૩૩ વર્ષ કરતા વધુ નહી તેટલી રહેશે.

(બી) દિવ્યાંગ ઉમેદવારોએ ઉપલી વય મર્યાદામાં છુટ છાટ માટે તેમની અરજી સાથે સામાન્ય વહીવટ વિભાગ , ગાંધીનગરના તા.૦૧/૧૨/૨૦૦૮ ના પરીપત્ર અનુસાર પરિશિષ્ટ–અ મુજબનું વિકલાંગતા અંગેનું પ્રમાણપત્ર (Disability Certificate) રજુ કરવાનું રહેશે.

(સી) નગરપાલિકાની સેવામાં પહેલેથી હોય તેવા ઉમેદવારોને નગરપાલિકાના ભરતી નિયમોની જોગવાઇ મુજબ મળવાપાત્ર છુટછાટ આપી શકાશે.

(ડી) માજી સૈનિક ઉમેદવારોને સળંગ ૬ માસથી ઓછી નહી તેટલી ફરજ બજાવેલ હોય અને નોકરીમાંથી નિયમીત રીતે નિવૃત થયા હોય તેવા માજી સૈનિકોને તેમણે બજાવેલ ખરેખર ફરજનો સમયગાળો, તેમની ઉંમરમાંથી બાદ કરતા મળતી ઉંમર, ભરતી નિયમમાં ઠરાવેલ ઉપલી વય મર્યાદાથી ત્રણ વર્ષ કરતા વધવી જોઇશે નહી.

**પાના નં. ૨ ઉપર**

(ઇ) વય મર્યાદામાં જે ઉમેદવારોને છુટછાટ મળવાપાત્ર છે તે બધી જ મળવાપાત્ર છુટછાટ ગણતરીમાં લીધા બાદ વધુમાં વધુ ૪૫ વર્ષથી વધે નહી તે રીતે જ ઉપલી વય મર્યાદામાં છુટછાટ મળશે.

**(૩) સામાન્ય શરતો** :-

(૧) ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઇશે. નિમણુંક માટે નાગરિકત્વ વગેરે સંબધી લાયકાતો જેતપુર નવાગઢ નગરપાલિકાના કર્મચારીઓની ભરતી-બઢતી અને સેવાની શરતો બાબતના નિયમો-૨૦૦૭ જે મંજુર થયેલા છે અને અમલમાં છે તે નિયમોના નિયમ-૪ તથા પેટા નિયમ ૧ થી ૩ અને તેના પરંતુકો મુજબ રહેશે.

(૨) ઉમેદવાર ગુજરાતી અને /અથવા હિન્દી અથવા બંન્ને ભાષાનુ પુરતુ જ્ઞાન ધરાવતા હોવા જોઇએ.

(૩) શૈક્ષણિક લાયકાત, ઉમર, જાતિ, માજી સૈનીક, દિવ્યાંગતા અને અન્ય બાબતોના ઉમેદવાર પાસેના અસલ પ્રમાણપત્રો ના આધારે અરજીમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે. અરજીમાં દર્શાવેલ વિગતો ના સમર્થન માં અસલ પ્રમાણપત્રો તથા પુરાવાઓ નગરપાલિકા માંગે ત્યારે રજુ કરવાના રહેશે અને માંગ્યા મુજબના અસલ પ્રમાણપત્રો અને પુરાવાઓ રજુ નહી કરી શકનાર ઉમેદવારનુ અરજી પત્રક જે-તે તબક્કેથી "રદ" ગણવામાં આવશે.

(૪) આ જગ્યાઓ ઉપર સરકારશ્રીના તા.૧૬/૦૨/૨૦૦૬ ના ઠરાવ અનુસાર તથા નગરપાલિકાના ભરતી નિયમો ના નિયમ ૮ (૧) મુજબ પાંચ વર્ષના અજમાયશી તરીકે માસિક ફીકસ પગાર થી નિમણુંક અપાશે અને પાંચ વર્ષની સંતોષકારક ફરજ બાદ કાયમી નિમણુક આપવા કાર્યવાહી કરવામાં આવશે

(૫) ઉક્ત જગ્યાની શૈક્ષણીક લાયકાત તથા પગાર ધોરણ તથા માસિક ફીકસ પગાર નગરપાલિકા ની જાહેરાતમાં જે-તે જગ્યા સામે દર્શાવ્યા મુજબના રહેશે.

(૬) ઉક્ત જગ્યાના ઉમેદવારોએ અરજી પત્રક ભરતી વખતે જે મોબાઇલ નંબર દર્શાવેલ હોય તે નંબર સમગ્ર ભરતી પ્રક્રિયા દરમ્યાન જાળવી રાખવાનો રહેશે. જરૂર જણાયે નગરપાલિકા તરફથી આ નંબર ઉપર જરૂરી સુચનાઓ, કે સંદેશાઓ અપાશે. જેથી અરજી પત્રકમાં દર્શાવેલ મોબાઇલ નંબર બદલવો નહી.

(૭) દરેક ઉમેદવારોએ અરજીપત્રક માં તાજેતરમાં પડાવેલ પાસપોર્ટ સાઇઝ નો ફોટોગ્રાફ રજુ કરવાનો રહેશે. અને અરજીપત્રકમાં રજુ કરેલ પાસપોર્ટ સાઇઝના ફોટાની એક કરતા વધુ કોપીઓ પોતાની પાસે રાખવાની રહેશે. અને આ જાહેરાત અન્વયે ની સમગ્ર ભરતી પ્રક્રિયામાં તે જ ફોટાની કોપીમાં ઉપયોગ કરવાનો રહેશે.(જેમ કે અસલ પ્રમાણપત્રો ની ચકાસણી સમયે પણ તે જ ફોટાની કોપી રજુ કરવાની રહેશે.)

(૮) આ જગ્યા માટે માન્ય ધોરણે ઉમેદવારી અરજી કરેલ હશે તે ઉમેદવારે નગરપાલિકા ની સુચના મળે તે મુજબ સ્થળ, સમય અને તારીખે પસંદગી સમિતિ સમક્ષ તમામ અસલ પ્રમાણપત્રો તથા આધારો સાથે સ્વ ખર્ચે હાજર રહેવાનું રહેશે.

**પાના નં. ૩ ઉપર**

(૯) ઉમેદવારે અરજીપત્રકમાં બતાવેલી કોઇ પણ વિગત અને અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજુ કરેલ જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અનામત વર્ગ, દિવ્યાંગતાને લગતા પ્રમાણપત્રો વિગેરેને ભવિષ્યમાં જે -તે તબક્કે ચકાસણી દરમ્યાન ખોટા માલુમ પડશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે આવા ઉમેદવારની ઉમેદવારી નગરપાલિકા દ્વારા "રદ" કરી શકાશે. તેમજ અન્ય સંવર્ગોની ભરતી માટે પણ ગેરલાયક ઠરાવી શકાશે. તેમજ જો પસંદગી/ નિમણુંક થયેલ હશે તો પસંદગી/નિમણુંક નગરપાલિકા કે નિમણુંક કરનાર સત્તાધિકારી દ્વારા કોઇ પણ તબક્કે "રદ" કરવામાં આવશે.

(૧૦) ઉમેદવારને ઉમેદવારી અરજી કરવાથી નિમણુંક માટેનો હક્ક મળી જતો નથી. નિમણુંક સમયે સત્તા ધિકારીને ઉમેદવાર બધી જ રીતે યોગ્ય છે તેમ સંતોષ થાય તો જ ઉમેદવાર ને નિમણુંક આપવામાં આવશે.

(૧૧) પસંદગી પામેલ ઉમેદવાર નિમણુંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણુંક મેળવવાને પાત્ર થશે.

(૧૨) નિમણુંક બાબતે નિમણુંક સત્તાધિકારીનો નિર્ણય આખરી ગણાશે.

(૧૩) ભરતી પ્રક્રિયા નગરપાલિકા દ્વારા નક્કી કરવામાં આવેલ ધોરણે અને નગરપાલિકાના ભરતી નિયમો ને આધિન રહેશે.

(૧૪) આ જાહેરાત તથા ભરતી પ્રક્રિયામાં કોઇપણ કારણોસર ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો નગરપાલિકાને સંપૂર્ણ અધિકાર રહેશે અને નગરપાલિકા આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી.

(૧૫) ઉપરોક્ત શરતો સિવાય નગરપાલિકાને જરૂરી જણાય તે શરતો વખતો વખત નક્કી કરી શકશે. અને તે તમામ શરતો દરેક ઉમેદવારને બંધનકર્તા રહેશે. આ જાહેરાત/ભરતી સંબધેના કોઇ પણ વિવાદ ના કિસ્સામાં નગરપાલિકાની પસંદગી સમિતિ નિર્ણય કરશે અને તે માન્ય રહેશે.

**(૪) ઉમેદવાર નીચેના કારણોસર ગેરલાયક ઠરશે** :-

(૧) ઉમેદવાર આ નોકરી માટે કોઇ પણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે નગરપાલિકા ની પસંદગી સમિતિ ના અધ્યક્ષ, સભ્ય અથવા કોઇ અધિકારી કે પદાધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરે.

(૨) બીજાનું નામ ધારણ કરવા માટે,

(૩) બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે,

(૪) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતી આચરવા માટે.

**પાના નં. ૪ ઉપર**

(૫) યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે.

(૬) ઉમેદવાર ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી/ અર્ધ સરકારી/ સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય અને ગેરલાયકાતનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી આપોઆપ રદ થવાને પાત્ર બનશે.

**(૫) નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ ગણવામાં આવશે** :-

(૧) નિયત અરજી ફોર્મમાં અરજી કરેલ ન હોય,

(૨) અરજીમાં દર્શાવેલ વિગતો અધુરી કે અસંગત હોય,

(૩) અરજીમાં ઉમેદવારે સહી કરેલ ન હોય કે પાસપોર્ટ સાઇઝનો ફોટો લગાવેલ ન હોય,

(૪) અરજી જાહેરાતમાં દર્શાવેલ ધોરણોથી વિપરીત અને ફેક્સ, ઇ-મેઇલથી કે રૂબરૂ રજુ કરેલ હોય,

(૫) દિવ્યાંગતા અંગેનું સક્ષમ મેડીકલ ઓફીસરનું સર્ટીફીકેટ અરજી સાથે જોડેલ ન હોય.

(૬) ઉપરોક્ત કારણોસર અથવા નગરપાલિકાને વ્યાજબી જણાયેલ હોય તેવા અન્ય કારણોસર પણ ઉમેદવારની અરજી રદ થવાને પાત્ર રહેશે.

(પાર્થિવ બી. પરમાર)
ચીફ ઓફિસર
જેતપુર નવાગઢ નગરપાલિકા

(માધુરીબેન એસ. ભેડા)
ચેરમેન
પસંદગી સમિતિ
જેતપુર નવાગઢ નગરપાલિકા

(મેનાબેન આર. ઉસદડીયા)
પ્રમુખ
જેતપુર નવાગઢ નગરપાલિકા

**"અનુસૂચિ-સી"**

**અરજી ફોર્મ**

પ્રતિ,

શ્રી ચીફ ઓફીસર સાહેબ,

જેતપુર નવાગઢ નગરપાલિકા,

જેતપુર. જી. રાજકોટ.

વિષય:- દિવ્યાંગ વ્યક્તિઓ માટે ખાસ ભરતી ઝુંબેશ અન્વયે સફાઇ કામદારની દિવ્યાંગતા ના જુથ પ્રમાણે ....................................... કેટેગરીની અનામત જગ્યા માટેની ઉમેદવારી અરજી.

જય ભારત સાથ, ઉપરોક્ત જગ્યા માટેની તા. .................. ના ...................... દૈનિક પેપરમાં નગરપાલિકાની પ્રસિધ્ધ થયેલ જાહેરાત અન્વયે સહાયક સફાઇ કામદારની દિવ્યાંગતાના જુથ પ્રમાણે .......................... ની અનામત જગ્યા ઉપર હું મારી ઉમેદવારી નોંધાવું છુ; મારી લાયકાત તથા અન્ય વિગતો નીચે મુજબ છે.

(૧) અટક સાથે પુરેપરુ નામ :-

(૨) પત્ર વ્યવહારનું સરનામું :-

(3) મોબાઇલ નંબર :-

(૪) જ્ઞાતિ/વર્ગ/અનામત વર્ગ :-

(૫) જન્મ તારીખ (શબ્દોમાં તથા આંકડામાં)

(૬) અરજી કરવાની છેલ્લી તારીખે ઉમર:- ....... વર્ષ:-......... માસ ...... દિવસ ............

(૭) દિવ્યાંગતા બાબતેની કેટેગરી :-

(૮) શૈક્ષણીક લાયકાત:-

| ક્રમ | શૈક્ષણીક લાયકાત | પાસ કર્યાનું વર્ષ | બોર્ડ/ યુનિર્વસીટી /સંસ્થાનું નામ | વર્ગ | ટકાવારી | પ્રયત્નની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |

**-: બાંહેધરી :-**

આથી હું જાહેર કરુ છુ કે, ઉપરોક્ત અરજીપત્રકમાં દર્શાવેલ તમામ વિગતો મારી જાણ તથા માન્યતા મુજબ સાચી અને સંપૂર્ણ છે. પાછળથી કોઇપણ સમયે ઉપરોક્ત વિગત ખોટી જણાય તો મારી ઉમેદવારી રદ ગણવાની રહેશે. તેમજ હું પસંદગી પામીને નિમણુંક પામી ચુકેલ હોય તો પણ મારી નિમણુંક શરૂઆતથી જ રદ બાતલ ગણવાની રહેશે. અને મારી નોકરી તુરંત સમાપ્ત કરવામાં આવશે અને મળેલ વેતન મારે પરત ચુકવવાનું રહેશે તથા નગરપાલિકા મારી સામે કાયદેસરના પગલા ભરી શકશે.

સ્થળ:-

તારીખ:- (ઉમેદવારની સહી)